# લક્ષ્મીકાંત પારસેકર ગોવાના નવા મુખ્યમંત્રી

## મૃદુલા સિંહા દ્વારા હોદ્દા-ગુપ્તતાના શપથ લેવડાવાયા : ડીસોઝા નાયબ મુખ્યમંત્રી રહેશે



પણજી,તા. ૮

ગોવાના મુખ્યમંત્રી તરીકે લક્ષ્મીકાંત પાર્સેકરે આજે શપથ લીધા હતા. રાજ્યના રાજ્યપાલ મૃદુલા સિંહાએ પાર્સેકરને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. અગાઉ તેઓ ગોવામાં ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ધારાસભ્યો અને દાવેદારો સાથે શ્રેણીબદ્ધ બેઠકોના અંતે આ નિર્ણયની જાહેરાત કરતા કેન્દ્રીય નિરીક્ષક રાજીવ પ્રતાપ રુડીએ કહ્યું હતું કે, પક્ષના વિધાનસભા પક્ષના નેતા તરીકે પાર્સેકરનું નામ નક્કી કરવામાં આવ્યું છે. સર્વસંમતિથી તેઓ નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. મુખ્યમંત્રી મનોહર પારીકરે પાર્સેકરનું નામ સુચવ્યું હતું. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રી ફ્રાન્સીસ ડીસોઝા દ્વારા તેને સમર્થન અપાયું હતું. ડીસોઝા પોતે પણ મુખ્યમંત્રી પદ માટે દાવેદાર હતા. પાર્સેકર પ્રોફેશનથી શિક્ષક છે. તેઓ ગોવાના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપનાર પારીકરની જગ્યા લેશે. બીજી બાજુ પારીકરને કેન્દ્રીય કેબિનેટમાં આવતીકાલે સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. બે દિવસ સુધી વાતચીતનો દોર ચાલી રહ્યો હતો. ભાજપના ધારાસભ્યોના એક વર્ગ દ્વારા બળવો કરવામાં આવ્યો હતો. ગોવા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર અરલેકર પણ મુખ્યમંત્રી પદ માટેની સ્પર્ધામાં હતા. પાર્સેકરને પારીકરનો ટેકો હતો. સાથે સાથે ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરીનો પણ ટેકો હતો. અગાઉ મનોહર પારીકરે ગોવાના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યું હતું. કેન્દ્રીય કેબિનેટનું આવતીકાલે વિસ્તરણ કરવામાં આવનાર છે તે પહેલા ગોવામાં રાજકીય ગતિવિધિ જોવા મળી હતી. નવા મુખ્યમંત્રીની સાથે સાથે અન્યોએ પણ શપથ લીધા હતા. પાર્સેકર પારીકર સરકારમાં આરોગ્યમંત્રી હતા. પાર્સેકરને આજે સાંજે ચાર વાગે મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા.

**કૌભાંડ બાદ રાહ જોવાની જરૂર જ ન હતી**

## ટુજી લાયસન્સને તાત્કાલિક રદ કરી દેવાની જરૂર હતી

નવીદિલ્હી, તા. ૮

ભૂતપૂર્વ નાણાપ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, યુપીએ સરકારને જ્યારે આ કૌભાંડ સપાટી પર આવ્યું ત્યારે જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોયા વગર ટુજી લાયસન્સ રદ કરવાની જરૂર હતી. તેમણે કહ્યું હતું કે, ટુજી કૌભાંડને લઇને ખોટી રીતે મામલો હાથ ધરવામાં આવ્યો હતો. યુપીએ સરકારને ટુજી લાયસન્સ રદ કરી દેવાની જરૂર હતી. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ટુજી કૌભાંડના લીધે મોટી પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. ઇવેન્ટમાં બોલતા ચિદમ્બરમે આ મુજબની વાત કરી હતી. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી પણ આ બેઠકમાં ઉપસ્થિત હતા. તેમણે કહ્યું હતું કે, ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ટુજી લાયસન્સ ફાળવણીમાં વહેલા તે પહેલાની દરખાસ્તને સ્વીકારવાનો ઇન્કાર કરવાની જરૂરી હતી. સાથે સાથે આ મામલાને વધુ સારી રીતે હાથ ધરી શક્યા હોત. ચિદમ્બરમે એમ પણ કહ્યું હતું કે, સરકારે ટુજી લાયસન્સ રદ કરી દેવાની જરૂર હતી પરંતુ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, કોર્ટે અંતિમ નિર્ણય લેવો જોઇએ. બીજી બાજુ ભાજપે આક્ષેપ કર્યો હતો કે, ભૂતપૂર્વ નાણામંત્રીના નિવેદન સાબિત કરે છે કે, કોંગ્રેસ પાર્ટીએ તેની ભુલ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. ચિદમ્બરમે જે કંઇ પણ કહ્યું છે તે ચિંતાજનક બાબત છે. ભાજપના પ્રવક્તા સમ્બિટ પાત્રાએ આ મુજબની વાત કરી હતી. જ્યારે ભૂતપૂર્વ નાણામંત્રી કહી રહ્યા છે ત્યારે કોંગ્રેસ સરકારે ભુલ કરી હતી. વાસ્તવિકતા એ છે કે, કોંગ્રેસ ભુલ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. બીજી બાજુ કોંગ્રેસના નેતા મનિષ તિવારી કહી ચુક્યા છે કે, ભૂતપૂર્વ નાણાપ્રધાન પી ચિદમ્બરમની ટિપ્પણી તરફ ફરી ધ્યાન આપવાની જરૂર છે.

## મોદીએ અસ્સી ઘાટ ખાતે સફાઇ કરી

**સફાઈ ઝુંબેશને આગળ વધારવા અખિલેશ યાદવ, સુરેશ રૈના સહિતના વધુ ૯ની પસંદગીને જોરદાર પ્રતિસાદ : ગંગા આરતી, અન્ય કાર્યક્રમોમાં જોડાયા**

વારાણસી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીના બે દિવસીય પ્રવાસના બીજા અને અંતિમ દિવસે ગંગા નદીના અસ્સી ઘાટ ખાતે પહોંચ્યા હતા. જ્યા તેઓએ માતા ગંગાની પુજા કરી હતી સાથે સાથે માટી દુર કરીને ઘાટ પર સફાઈ કામગીરી પણ હાથ ધરી હતી. આ પ્રસંગે મોદીએ તેમના મહત્વકાંક્ષી સ્વચ્છા અભિયાનને આગળ વધારવા માટે ઉત્તરપ્રદેશ સાથે જોડાયેલી નવ હસ્તીઓને નોમિનેટ કરી હતી. મોદી અસ્સી ઘાટ ખાતે પહોંચ્યા હતા જ્યાં તેઓ ત્રણ સીડી નીચે ઉતરીને કામચલાઉ સ્ટેજ ઉપર પહોંચ્યા હતા અને પાંચ પુજારીની સાથે મળીને ખાસ ગંગા પૂજા કરી હતી. મોદી આશરે ૧૫ મિનિટ સુધી ત્યા રોકાયા હતા. સ્થળ ઉપર ગોઠવવામાં આવેલા સ્પીકર મારફતે ધાર્મિક મંત્રોચ્ચારમાં મોદી જોડાયા હતા. મોદીની સાથે પક્ષ પ્રમુખ લક્ષ્મીકાંત વાજપેયી, શહેરના મેયર રામગોપાલ મોહાલે સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ રહ્યા હતા.



મોદીએ પ્રાર્થના અને પૂજા કર્યા બાદ સાફ-સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. સ્થળ પર હાજર પત્રકારો સાથે વાતચીત કરતા લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ગાંધી જયંતિના દિવસે દિલ્હીમાં સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆતની જેમ જ તેઓ અહીંથી પણ આ અભિયાનને આગળ વધારી રહ્યા છે. અસ્સી ઘાટથી મોટી શ્રીઆનંદમય આશ્રમ પર પહોંચ્યા હતા. આશ્રમના લોકોને તેઓ મળ્યા હતા. ત્યારબાદ ચેરિટેબલ હોસ્પિટલમાં પણ ગયા હતા. મોદી સવારે અસ્સી ઘાટ પર પહોંચ્યા ત્યારે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. પંડિતોની હાજરીમાં સમગ્ર વિધીથી તેઓએ ગંગાની પુજા કરી હતી એ વેળા પણ મજબૂત સુરક્ષા રાખવામાં આવી હતી. તેમણે અહીંના સામાજિક સંગઠનો દ્વારા વિશ્વાસ આપવામાં આવ્યો છે કે એક મહિનાની દર સમગ્ર ઘાટને સ્વચ્છ કરી દેવામાં આવશે. વડાપ્રધાન મોદી અસ્સી ઘાટથી સીધા આનંદમયી હોસ્પિટલમાં પહોંચ્યા હતા. ઉત્તરપ્રદેશના જે નવ લોકોની પસંદગી કરવામાં આવી છે તેમાં રાજ્યના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ, ચિત્રકુદના વિકલાંગ યુનિવર્સિટીના વીસી સ્વામી રામ ભદ્રાચાર્ય, ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર અભિનેતા,ગાયક અને હાલ દિલ્હી ભાજપમાંથી ભાજપના સાંસદ મનોજ તિવારી, સાહિત્યકાર મનુ શર્મા, ક્રિકેટ ખેલાડી અને કોંગ્રેસના લીડર મોહમ્મદ કેફ સંસ્કૃતના વિદ્વાન પદ્મશ્રી પ્રોફેસર દેવી પ્રસાદ દ્વિવેદી, કોમેડી કલાકાર રાજુ શ્રીવાસ્તવ, ક્રિકેટર સુરેશ રેના અને બોલિવુડના ગાયક કૈલાશ ખેરનો સમાવેશ થાય છે. વડાપ્રધાન દ્વારા નોમિનેટ થયેલા લોકો તરફથી પ્રતિક્રિયા આવી રહી છે.

## ભાજપને દિલ્હીમાં બહુમતિ મળશે : પોતાના સર્વેમાં દાવો

નવી દિલ્હી,તા. ૮


દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો વ્યસ્ત બનેલા છે ત્યારે પોતાના જ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં ભાજપ આ વખતે બહુમતિ મેળવી લેશે. તેના જણાવ્યા મુજબ જો દિલ્હીમાં હાલમાં ચૂંટણી યોજવામાં આવે તો ભાજપ સામે અરવિન્દ કેજરીવાલની પાર્ટીની કારમી હાર થઈ શકે છે. ભાજપ એએપીની પાસેથી ૧૮ બેઠકો આંચકી શકે છે. જો કે તે પોતે પણ પોતાની પાંચ વર્તમાન બેઠકો ગુમાવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે ભાજપે આ સર્વે છઠ્ઠની રજા બાદ તમામ ૭૦ વિધાનસભા મતવિસ્તારમાં એક સંસ્થા દ્વારા કરાયું હતુ. આમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપને ૪૩-૪૮ બેઠકો મળી શકે છે. જ્યારે એએપીને ૧૫-૧૯ બેઠકો મળી શકે છે. કોંગ્રેસને ૭-૧૧ બેઠકો મળવાની વાત કરવામાં આવી છે. સર્વેની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો છઠ્ઠની રજા જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપને ફાયદો થઈ શકે છે. સર્વેમાં ભાજપની લીડ માટે સૌથી મોટુ કારણ પાટનગરમાં મોંઘવારીમાં ઘટાડો છે. કહેવામાં આવી રહ્યું છે કે શાકબાજીની કિંમતો પહેલાની સરખામણીમાં ઘટી ગઈ છે. જેથી મહિલા મતદારો ભાજપની તરફેણમાં છે. ઈનકમ ટેક્સમાં રાહત, પેટ્રોલ ડિઝલની કિંમતમાં ઘટાડો પણ કારણરૂપ છે. મધ્યમ વર્ગના લોકો ભાજપ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. શેરબજારમાં જોરદાર તેજી પણ ભાજપની તરફેણમાં છે.

યુવા પેઢીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મેક ઈન ઈન્ડિયા અને સ્વચ્છ ભારત જેવા મિશન પસંદ પડ્યા છે. જેથી ૫૩ ટકા યુવા ભાજપ સાથે જોડાઇ ગયા છે. ભાજપને ૪૧ ટકા મત મળી શકે છે. જે ગઈ ચૂંટણી કરતા આઠ ટકા વધારે છે. આપને ૩૨ ટકા મત મળી શકે છે. જે ગઈ ચૂંટણી કરતા ૨.૫ ટકા વધારે છે. કોંગ્રેસને ૨૩ ટકા મત મળી શકે છે જે ૧.૬ ટકા ઓછા છે. ભાજપને ૪૬ ટકા મહિલાઓનો સાથ મળી શકે છે. ૪૧ ટકા શિખ કમલના સિમ્બોલ પર મત આપી શકે છે. આમ આદમી પાર્ટીને ૨૬ અને કોંગ્રેસને ૧૮ ટકા યુવાનોનો સાથ મળી શકે છે. ત્રણ ટકા મહિલાઓ અન્ય પક્ષો સાથે પણ જઈ શકે છે.

## રાઈબરેલીમાં બોટ દુર્ઘટનામાં ૧૧ બાળકના મોતથી ચકચાર

લખનૌ,તા. ૮

ઉત્તરપ્રદેશના રાઈબરેલી નજીક નૌકા દુર્ઘટનામાં ૧૧ માસુમ બાળકોના મોત થયા બદા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ તરત તેમના મતવિસ્તારમાં પહોંચ્યા હતા અને શોકમાં રહેલા પરિવારની સાથે રહ્યા હતા. જિલ્લાના સારેની બ્લોકના રાલપુર ઘાટ ખાતે આ બનાવ બન્યો હતો. તમામ બાળકો કંજાસ ગામના હોવાના અહેવાલ મળ્યા છે. હજુ સુધી પાણીના પ્રવાહમાંથી માત્ર ત્રણ બાળકોના મૃતદેહો હાથ લાગ્યા છે. નૌકા દુર્ઘટના અંગે માહિતી મળ્યા બાદ તરત જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તમામ કાર્યક્રમ રદ કર્યા હતા અને વાયા ઉનાવ મારફતે લખનૌ પહોંચ્યા હતા. ગાંધી સીધા કંજાસ ગામમાં પહોંચ્યા હતા અને શોકગ્રસ્ત પરિવાર સાથે રહ્યા હતા. ગાંધી ત્રણ વાગે રાઈબરેલી પહોંચી ગયા હતા અને એક કલાક સુધી પરિવારની સાથે રહ્યા



બાદ પરત દિલ્હી ફર્યા હતા. અહેવાલ મુજબ ૧૬ જેટલા બાળકો નૌકામાં રાલપુર ઘાટ ખાતેથી નદી પાર કરીને મંદિરમાં જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. પાણીના જોરદાર પ્રવાહમાં નૌકા ફસાઈ ગઈ હતી અને ત્યારબદા ઉંધી વળી ગઈ હતી. ગામ સાથે જોડાયેલા રાષ્ટ્રીય જનતા દળના રાજ્ય વડા અશોક સિંહે કહ્યું હતું કે તેઓ બચાવ અને રાહત કામગીરી પર અંગત રીતે નજર રાખી રહ્યા છે. બોટ ઉંધી વળી જતા પાંચ બાળકો તરીને સુરક્ષિતરીતે કિનારે આવી ગયા હતા. જ્યારે ૧૧ બાળકો ડુબી ગયા હતા. હજુ સુધી ત્રણ બાળકોના મૃતદેહો હાથ લાગ્યા છે. જેમાં ૧૫ વર્ષીય શિપલી, ૧૦ વર્ષીય રોનક અને ૧૬ વર્ષીય સુરજનો સમાવેશ થાય છે. અન્ય આઠ લાપતા બાળકોની શોધ ચાલી રહી છે. જે બાળકો લાપતા થયા છે તે ૧૬ વર્ષીય શ્વેતા, ૧૨ વર્ષીય કોમલ, ૧૪ વર્ષીય શિવાની, ૧૫ વર્ષીય શગુન, ૧૨ વર્ષીય છોટે, ૧૫ વર્ષીય સુનિલ, ૧૩ વર્ષીય દિપક અને સાત વર્ષીય આશુનો સમાવેશ થાય છે.

**આ શત્રુઓથી સાવધાન!** (પાના નં. ૪ નું ચાલુ)

ઘરેલું ઉદાહરણ લઇએ - માની તેના સંતાન માટેની મમતા તેને લાડ કરવા પ્રેરે છે અને મોટા ભાગે આવા લાડ સંતાનને બગાડે છે. (અર્થાત્ પિતા પણ મમત્વના લીધે લાડ કરી સંતાનને બગાડે છે.) પણ માને કાંઇ કહેવામાં આવે તો તે ફટ દઇને બચાવ કરતાં કહેશે, 'હું મા છું. મા થાઓ તો ખબર પડે.' તે મા છે તે વાસ્તવિક્તા છે. તેથી તો ભગવાને તેને માતૃવાત્સલ્ય આપ્યું છે. મમતા નહીં, તે વાત્સલ્યથી સંતાનનું લાલનપાલન જરૂર કરે. પણ સંતાન તો ભગવાને આપેલી થાપણ છે. તેના ઉપર પોતાનું મમત્વ દેખાડી અધિકાર કેમ જમાવાય? અને અજ્ઞાનવશ તેમાંથી માલિકી ભાવ નિર્માણ થાય છે અને મહદ્અંશે પરિવારો આનાં માઠાં પરિણામો ભોગવે છે...

આવુ સંગાસંબંધીઓ માટે થાય છે. જે પ્રિય લાગે તે મારા - તેમના માટે રાગ નિર્માણ થાય અને બીજા માટે દ્વેષ થાય છે અને મનની શાંતિ ડહોળાઇ જાય છે.

ત્રીજો આવો જ શત્રુ છે માયા. માયા એટલે ખોટી નાશવંત વસ્તુને નિત્ય અને સત્ય માનવી છે અને આવી ખોટી સમજણના કારણે માનવી માયામાં ભરમાઇ જાય છે. વાસ્તવમાં માયા એ ઇશનિર્મિત પ્રકૃતિ છે. (સ્વભાવના અર્થમાં નથી) પ્રકૃતિ જડ છે, તે નાશવંત છે તે વસ્તુ યા વ્યક્તિ સાથે માણસ સંબંધ બાંધી હંમેશા દુઃખી થાય છે. આ શત્રુઓની પકડમાં ન આવવાની સાવધાની રાખવાની છે અને તે માટે આ સૃષ્ટિમાં સર્જનહાર કે શાશ્વત છે સનાતન છે, જે કદી નાશ નથી પામતો તેની સાથે સંબંધ બાંધવાની - તેની મમતા રાખવાની અને આમ થશે તો માણસના જીવનમાં સુખ જ સુખ છે. દુઃખનો પડછાયો પણ નહીં પડે. અને જીવનમાં સુખ, શાંતિ અને સમાધાનની અનુભૂતિ મળશે.

## આજે મોદી કેબિનેટનું વિસ્તરણ

નવી દિલ્હી,તા. ૮

દેશના રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કેન્દ્રીય કેબિનેટનું આવતીકાલે વિસ્તરણ કરવામાં આવનાર છે. ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે વિસ્તરણની સાથે સાથે મોટા ફેરફાર કરવામાં આવે તેવી પણ શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટના વિસ્તરણ અને ફેરફારને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે આવતીકાલે બપોરે વિસ્તરણ કરવામાં આવનાર છે. અનેકના ખાતાઓ બદલવામાં આવે તેવી પણ શક્યતા છે. મનોહર પારીકરને સંરક્ષણમંત્રી તરીકે સામેલ કરવામાં આવી શકે છે. બીજી બાજુ સદાનંદ ગૌડા રેલવે ખાતુ ગુમાવે તેવી શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટમાં ઘણા નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવનાર છે જેમાં સુરેશ પ્રભુના નામની પણ ચર્ચા છે. અજમેર રાજસ્થાનના સાંવરમલ જાટ, ઉત્તરપ્રદેશના ફતેપુરના નિરંજન જ્યોતિ, બિહાર નવાડાના ગિરીરાજ સિંહનો પણ સમાવેશ કરવામાં આવી શકે છે. બપોરે એક વાગે નવા પ્રધાનોને શપથ લેવડાવવામાં આવનાર છે. રાજીવ પ્રતાપ રુડી, બાબુલ સુપ્રિયો, રામકૃપાલ યાદવને સામેલ કરવામાં આવનાર છે. વડાપ્રધાન તમામ સંભવિત પ્રધાનો માટે સવારમાં ખાસ બેઠકોનું પણ આયોજન કરનાર છે. મોદી કેબિનેટમાં આશરે ૨૦ કેબિનેટ પ્રધાનો અને રાજ્ય પ્રધાનો રાજભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં શપત લે તેવી શક્યતા છે. કેટલાક નવા ચહેરાને સામેલ કરીને મોદી કેબિનેટનુ સંખ્યાબળ વધારાય તેવી શક્યતા છે. કેટલાક પ્રધાનોના ખાતા બદલાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. ત્યારબાદ મોદી ત્રણ દેશોના પ્રવાસે રવાના થઈ રહ્યા છે. કેન્દ્રીય કેબિનેટની ફેરરચના અને વિસ્તરણ કરવામાં આવે તે પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળી ચુક્યા છે. બંને નેતાઓ કેબિનેટમાં ફેરફારના મુદ્દા ઉપર ચર્ચા કરી હોવાના અહેવાલ મળ્યા છે. ૧૧મી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ રાષ્ટ્રોના પ્રવાસ ઉપર રવાના થઈ રહ્યા છે. આ પ્રવાસ પહેલા તેઓ કેબિનેટનું વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. અરુણ જેટલી પાસેથી સંરક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો પરત લઈને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરને સોંપવામાં આવે તેવી શક્યતા છે. મનોહર પારીકરને સંરક્ષણ ખાતુ સોંપવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ગ્રામીણ વિકાસ મંત્રાલયનો હવાલો સોંપાય તેવી પણ શક્યતા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીને પણ વધારાનો હવાલો સોંપાય તેવી શકયતા દેખાઈ રહી છે. કેન્દ્રીય કેબિનેટમાં યશવંતસિંહાના પુત્ર જયંત સિંહાને તક આપવામાં આવે તેમ માનવામાં આવી રહ્યું છે. નરેન્દ્ર મોદી કેબિનેટમાં મોટા ફેરફાર અને વિસ્તરણને લઈને જોરદાર કવાયત ચાલી રહી છે. પ્રથમ વખત મોદી તેમના પ્રધાનમંડળનું વિસ્તરણ કરનાર છે. ખાતાઓની ફાળવણી અને ખાતાઓ આપવાનો વડાપ્રધાનનો વિશેષ અધિકાર છે. રાષ્ટ્રપતિ ભવનના સૂત્રોનું કહેવું છે કે, વિસ્તરણને લઈને વાતચીત થઈ ચુકી છે. મોદી કેબિનેટના વિસ્તરણ અને ફેરફારને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ રહેલી છે.

**કોને સામેલ કરાશે....**

કેન્દ્રીય કેબિનેટમાં આવતીકાલે ફેરફાર કરવામાં આવનાર છે ત્યારે જે ચિત્ર ઉપસી રહ્યું છે તે નીચે મુજબ છે.

૧ જયંત સિંહા (યશવંતસિંહાના પુત્ર)
૨ રામકૃપાલ યાદવ (પાટલીપુત્ર સાંસદ)
૩ હંસરાજ અહીર (કોલસા કૌભાંડ સપાટી ઉપર લાવનાર)
૪ રાજીવ પ્રતાપ રુડી (સારન, બિહાર)
૫ સાવરમલ જાટ (અજમેર, રાજસ્થાન)
૬ વિજય સનપાલા (હોંશિયારપુર, પંજાબ)
૭ નિરંજન જ્યોતિ (ફતેપુર, ઉત્તરપ્રદેશ)
૮ ગિરીરાજ સિંહ (નવાડા, બિહાર)
૯ વાયએસ ચૌધરી (ટીડીપી સાંસદ)
૧૦ અનિલ દેસાઈ (શિવસેના નેતા)
૧૧ રાજ્યવર્ધનસિંહ રાઠોડ (ઓલિમ્પિક વિજેતા)
૧૨ બાબુલ સુપ્રિયો (ગાયક)
૧૩ મુખ્તાર અબ્બાસ નકવી (ભાજપ વરિષ્ઠ નેતા)
૧૪ મનોહર પારીકર (ગોવાના પૂર્વ મુખ્યમંત્રી)

**મોદી સરકાર દ્વારા સુધારા સુચવાયા હતા**

## ગર્ભપાત કાયદા અંગે સુચિત સુધારાને અંતે ફગાવી દેવાયા

નવી દિલ્હી,તા. ૮

ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (આઈએમએ) દ્વારા ગર્ભપાતને લઈને કાયદામાં સુચવવામાં આવેલા સુચિત સુધારાને અંતે ફંગાવી દીધા છે. નવા મેડિકલ ટર્મિનેસન ઓફ પ્રેગનન્સી (એમટીપી)માં સુધારાનો આઈએમએ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. એમટીપીમાં કેટલીક બાબતોને મંજૂરી આપવામાં આવેલી છે. સગર્ભા હિલા પર એમટીપી કરવા માટે આયુર્વેદિક ચાર્ય અને હોમિયોપેથ તેમજ મિડવાઈપને મંજૂરી આપવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આઈએમએ દ્વારા હવે નરેન્દ્ર મોદી સરકારને પત્ર લખીને તેના વિરોધની વાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરોગ્ય પ્રધાન હર્ષવર્ધનને પત્ર લખીને કેટલીક રજૂઆત કરી છે. સામાન્ય લોકોના આરોગ્યના હિતમાં આ સુચત બિલને તરત પરત ખેંચી લેવાની વાત કરવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મોદી સરકારના નવા મુસદ્દા બિલમાં ૨૪ સપ્તાહ સપ્તાહ સુધી ગર્ભપાતને મંજૂરી આપવામાં આવી હતી. આઈએમએના સભ્યો દ્વારા કહેવામાં આવ્યું છે કે એમટીપી કરવા નોન એમબીબીએસ અને પેરામેડિકલ સ્ટાફને મંજૂરી આપવાની દરખાસ્ત પણ ક્લિનિકલ એકટની વિરુદ્ધમાં છે. આ કાયદામાં આવી કોઈ પ્રવૃતિને મંજૂરી આપવામાં આવતી નતી. તબીબી સર્જરી કરવા માટે તબીબો દ્વારા ટ્રેનિંગ પામેલા પેરામેડિકલ સ્ટાફને પણ મંજૂરી આપવામાં આવતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર દ્વાર સુચિત સુધારા હેવ આગળ વધશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ કરવામાં આવી છે. જો કે પ્રથમ તબક્કામાં જ આઈએમએ દ્વારા સરકારની સુચિત સુધારા દરખાસ્તને ફગાવી દીધી છે.હવે નવેસરથી હિલચાલ હાથ ધરાય તેવી વકી છે.

## છ દિવસમાં માલ્દામાં ૨૫ બાળકોના કરૂણ મોત થયા


માલ્દા,તા.૮

પશ્ચિમ બંગાળમાં માલ્દામાં છેલ્લા છ દિવસમાં મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૨૫ નવજાતશિશુઓના મોત થઈ ગયા છે જેથી ભારે ખળભળાટ મચી ગયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, છ બાળકોના મોત બીજી નવેમ્બરે, બે બાળકોના મોત ત્રીજી નવેમ્બરે, ચોથી નવેમ્બરે ચાર બાળકોના, પાંચમી નવેમ્બરે પાંચ બાળકોના અને છઠ્ઠી નવેમ્બરે ચાર બાળકોના મોત થયા હતા. સાતમી નવેમ્બરે વધુ સાત બાળકોના મોત થયા હતા. જો કે, કોલેજના વાઈસ પ્રિન્સિપલ રશીદે દાવો કર્યો છે કે, છેલ્લા ૭૨ કલાકમાં મૃત્યુ પામેલા ૧૩ બાળકો રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચે છે. ખુબ જ મુશ્કેલ સ્થિતિમાં બાળકોને હોસ્પિટલમાં લવાયા હતા.

## રણબીર અને કેટરીના આ સપ્તાહમાં નવા ઘરમાં જશે

મુંબઈ,તા. ૮

રણબીર કપુર અને કેટરીના કેફના સંબંધોને લઈને નવી ચર્ચા છેડાઈ ગઈ છે. હવે એવા અહેવાલ મળ્યા છે કે, બન્ને આ સપ્તાહમાં જ કાર્ટર રોડ સ્થિત આવાસ પર રહેવા જઈ રહ્યા છે. અહેવાલ મુજબ કાર્ટર રોડમાં આવાસ શોધવા અને તેને તૈયાર કરવાને લઈને બન્ને ઉત્સાહિત હતા. ઘરના ઈન્ટીરીયર ડિઝાઈનીંગ અને આર્કિટેક્ટ માટે આશિષ શાહ સાથે વાતચીત કરવામાં આવી હતી.



આ સ્ટાઈલીશ એપાર્ટમેન્ટમાં એમપણ માનવામાં આવે છે કે આમાં બે ટેરેસ્ટ છે. આ આવાસ સ્ટાર હાઉસ દેશના સૌથી સ્ટાઈલિશ આવાસ તરીકે છે. રણબીર અને કેટરીના આવાસને લઈને એક પાર્ટીનું પણ આયોજન કરનાર છે જેમાં બોલીવુડના તમામ મોટા કલાકારોને આમંત્રણ આપવામાં આવનાર છે. છેલ્લા કેટલાક સમયથી બન્નેએ વાતચીત કરવાનું બિલકુલ બંધ કરી દીધું હતું. સ્પેનમાં તેમના ફોટાઓને લઈને હોબાળો થયા બાદ વાતચીત બંધ કરી હતી. કેટરીના અને રણબીર અનેક વખત જુદી જુદી જગ્યાઓએ એક સાથે નજરે પડ્યા હતા.